# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : www.gpsc.gujarat.gov.in**

**જાહેરાત ક્રમાંક :(૯/૨૦૧૯-૨૦ )**–રહસ્ય સચિવ (અંગ્રેજી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૧) વર્ગ- ૨ની સીધી ભરતીથી નિમણૂક માટે નીચે દર્શાવેલ જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.inતા.૧૬/૦૭/૨૦૧૯ (૧૩-૦૦ કલાક) થી તા.૩૧/૦૭/૨૦૧૯(૧૩-૦૦ કલાક) દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. સા.અને શૈ.પ.વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલા ઉમેદવારો માટે અનામત જગ્યાની વિગત નીચે મુજબ છે. મહિલાઓ માટે અનામત જગ્યા પર ઉમેદવાર નહીં મળે તો આ જગ્યા સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

કવોલિફાઈંગ એક્ઝામ(શોર્ટહેન્ડ ટેસ્ટ)(એલીમિનેશન રાઉન્ડ) સંભવીત: તા.૧૭,નવેમ્બર,૨૦૧૯

કવોલિફાઈંગ એક્ઝામ(શોર્ટહેન્ડ ટેસ્ટ)(એલીમિનેશન રાઉન્ડ) નું કામચલાઉ પરીણામ :-ફેબ્રુઆરી,૨૦૨૦

મુખ્ય પરીક્ષાની તારીખ તારીખ:- ૧૨-૧૯,એપ્રીલ,૨૦૨૦

મુખ્ય પરીક્ષાના પરિણામનો સંભવિત માસ :-જૂન,૨૦૨૦

રૂબરૂ મુલાકાત સંભવત :- જૂલાઈ,૨૦૨૦

| જગ્યાનું નામ | | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્ત અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આ.ન.વર્ગ | સા.અને શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આ.ન.વર્ગ | સા. અને શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| રહસ્ય સચિવ (અંગ્રેજી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૧) વર્ગ- ૨ | સચિવાલય સંવર્ગ | ૦૯ | ૦૪ | ૦૧ | ૦૨ | – | ૦૨ | ૦૧ | – | – | – | – | – | – |
| | ખાતાના વડાઓની કચેરી | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૩ | – | ૦૨ | ૦૧ | – | ૦૧ | – | – | – | – |
| | વિધાનસભા | ૦૨ | ૦૨ | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ- | ૨૦ | ૦૯ | ૦૨ | ૦૫ | – | ૦૪ | ૦૨ | – | ૦૧ | – | – | – | – |

**નોંધ:-** (૧) અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે. (૨) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે કોઇ જગ્યા અનામત નથી, પરંતુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો પૈકી (૧)**OL(One Leg)**, (૨)**BL (Both Legs)**, (૩)**CP{(Cerebral Palsy)**મોડરેટ(૪૦%

**કે તેથી વધુ અને ૭૫ % કરતાં ઓછી)}**હલનચલનની અથવા મગજના લકવાની ખામીવાળા ઉમેદવારોઆ જગ્યા માટે ઉમેદવારી કરી શકશે. શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં૧૦વર્ષની છૂટછાટ મળશે. **(મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) (ii)** શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાં પોતાની અશકતતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.

**(૧)લાયકાત :**( ૧.૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી સ્નાતકની પદવી અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ. **(૧.૨) અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરીણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે. જો કે મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવેલ હોય તેવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પુરાવા મોકલવા ફરજિયાત છે. (૧.૩)** જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજુ કરી શકશે નહિ તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ. (૧.૪)ઉમેદવારગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ. (૧.૫)ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

**(૨)વયમર્યાદા:**તા. ૩૧/૦૭/૨૦૧૯ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી અને ૪૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ. શારીરીક રીતે અશક્ત ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમ મુજબ **ઉપલી વયમર્યાદામાં** છુટછાટ મળવા પાત્ર થશે. (૧) ગુજરાત સરકારના કર્મચારીઓ ને ઉપલી વયમર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવા પાત્ર નથી. (૨) ઉંમર અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૩) ઉપલી વય મર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.૩.(૧) માજીસૈનિકો/અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં છુટછાટ માટેની જોગવાઇ “ For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment,the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-

1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or

2) on account of physical disability attributable to military service or on invalidment”અનુસાર મળવાપાત્ર થશે.(૪)આજાહેરાતમાંબધી જમળવાપાત્રછૂટછાટગણતરીમાંલીધાબાદવધુમાંવધુ૪૫

વર્ષનીઉંમરસુધીજઉપલીવયમર્યાદામાંછૂટછાટમળશે.(૫)અનામતવર્ગોનાઉમેદવારોજોબિનઅનામતજગ્યામાટેઅરજીકરશેતોઆવા ઉમેદવારોનેવયમર્યાદામાંછૂટછાટમળશેનહીં.

**(૩)પગાર ધોરણ:** સચિવાલય સંવર્ગ તેમજ ખાતાના વડાઓની કચેરી તેમજ વિધાનસભાના રહસ્ય સચિવ(**અંગ્રેજી** સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧,વર્ગ-૨) ROP 2016 મુજબ નિયમિત પગાર ધોરણ રૂ.૪૪,૯૦૦-રૂ.૧,૪૨,૪૦૦/-(પે મેટ્રીક્ષ લેવલ-૮) મુજબ.

**(૪)પરીક્ષામાં પ્રવેશ:**Online મળેલ અરજીઓની ચકાસણી કર્યા વગર જ પ્રત્યેક ઉમેદવારને પરીક્ષામાં કામચલાઉ શરતી પ્રવેશ આપવામાં આવશે. એટલે ઉમેદવાર પરીક્ષામાં લાયકીધોરણ મેળવે છતાં જો તે ભરતી નિયમો,ભરતી પરીક્ષા નિયમો તથા લાગુ પડતા અન્ય હુકમો પ્રમાણે શૈક્ષણિક લાયકાત, વય, જાહેરાતની જોગવાઇઓ પ્રમાણેની લાયકાતો તથા અન્ય યોગ્યતાઓ નહિ ધરાવતા હોય તો તેમનો પ્રવેશ આપોઆપ રદબાતલ ગણાશે. ઉમેદવારોએ પોતાના ખર્ચે પરીક્ષા સ્થળ પર પહોંચવાનું રહેશે.

**૫. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :-** .૫.(૧) પરીક્ષાની રૂપરેખા : સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે. **(એ) ક્વોલીફાયિંગ એક્ઝામ**(શોર્ટહેન્ડ ટેસ્ટ)(એલીમિનેશન રાઉન્ડ): મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા અને **(બી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત):** નિશ્ચિત જગ્યાઓ માટે મૌખિક કસોટી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના (મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ વત્તા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ ) આધારે કરવામાં આવશે. **પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.**

## ૫.(૨)Qualifying Examination (Short hand Test) Elimination Round):

| ક્રમ | વિષય |
|---|---|
| Short hand Test | Dictation of English para at a speed of 80 words per minute for writing in short hand script for 2 minutes and transcribe the same at the speed of seven words per minute ( in legible handwriting, not by typing.) |

**નોંધ:- (1) The Objective of this test is to assess the candidate's ability to write in short hand script for a given verbal speed.**

**(2) the nature of the test is to ascertain the short hand skill of the candidates. The candidates who possess necessary short hand skills shall be declared eligible for admission to the Mains Examination.**

**(3)The qualifying standard of the short hand test shall be such as may be decided by the commission.**

## ૫.(૩) મુખ્ય પરીક્ષા :

**ક્વોલિફાઈંગ એક્ઝામ(શોર્ટહેન્ડ ટેસ્ટ)(એલીમિનેશન રાઉન્ડ)ના પરિણામના આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોએ મુખ્ય (લેખિત) પરીક્ષા માટે ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર–૧ | **English: Language skill & Computer Knowledge ( Descriptive and Objective)** | **100 Marks** | **2.00 hours** |
| પ્રશ્નપત્ર–૨ | **Skill Test (Stenography and Typing the Transcription)** | **100 Marks** | **Stenography:8 minutes**<br>**Typing the Transcription:50 minutes** |
| | **Total** | **200 Marks** | |

૫.(૩) અભ્યાસક્રમ :

**પ્રશ્નપત્ર-૧ : અંગ્રેજી,** સમય ૨ કલાક, ગુણ- ૧૦૦. આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે.

| | | |
|---|---|---|
| (૧) નિબંધ | | ૧૦ ગુણ |
| (૨) સંક્ષિપ્ત લેખન–સારાંશ | | ૧૦ ગુણ |
| (૩) પત્રલેખન(૨ પત્રો) | | ૨૦ ગુણ |
| (૪) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર | | ૧૦ ગુણ |
| (૫) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર | | ૧૦ ગુણ. |
| (૬) અંગ્રેજી વ્યાકરણ | Objective Type | ૨૦ ગુણ |
| (૭) Computer Fundamentals / Operations | Objective Type | ૨૦ગુણ |

**પ્રશ્નપત્ર-૨: લઘુલિપી ટેસ્ટ,**કુલ ગુણ:૧૦૦. ઉમેદવારે પ્રતિ મિનિટે ૧૨૦ શબ્દોની ઝડપે ચાર મિનિટના એક એવા બે અંગ્રેજી ફકરાઓનું શોર્ટહેન્ડ ડીક્ટેશન લેવાનું રહેશે અને કોમ્પ્યુટર પર ૫૦ મિનિટમા તે જ ફકરાઓનું **Transcription** કરવાનું રહેશે. પ્રશ્નપત્ર-૧અને પ્રશ્નપત્ર-૨નું લાયકી ગુણનું ધોરણ આયોગ નક્કી કરે તે મુજબ રહેશે.

**(૬)મૌખિક કસોટી:**૫૦ ગુણ.જે ઉમેદવારો લેખિત પરીક્ષામાં (શોર્ટહેન્ડ ટેસ્ટ સાથે) આયોગે નક્કી કરેલ ઓછામાં ઓછુ લાયકી ધોરણ પ્રાપ્ત કરશે તેને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.મૌખિક કસોટી ૫૦ માર્કસની લઘુત્તમ લાયકી ધોરણ વગરની રહેશે.મૌખિક કસોટી માટે બોલાવવા પાત્ર ઉમેદવારોની સંખ્યા જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યાના આશરે ત્રણ ગણી રહેશે.ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં (શોર્ટહેન્ડ ટેસ્ટ સાથે) અને મૌખિક કસોટીમાં મેળવેલ કુલ ગુણને આધારે તેઓની અંતિમ પસંદગી યાદી બનશે.જે ઉમેદવાર મૌખિક કસોટી માટે પાત્ર હશે પરંતુ મૌખિક કસોટીમાં હાજર રહેશે નહિ તે પસંદગી માટે લાયક ઠરશે નહિ.

**ઉક્ત જગ્યાના પરીક્ષા નિયમોમાં જો કોઇ અન્યથા જોગવાઈ ન કરવામા આવી હોય, તો પરીક્ષા લેવાની પધ્ધ્તી બાબતે આયોગનો નિર્ણય આખરી રહેશે. ઉક્ત પરીક્ષા અનવ્યે રહસ્ય સચિવ (અંગ્રેજી અને ગુજરાતી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૧) વર્ગ- ૨ સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો ૨૦૧૯ ની જોગવાઈ લાગુ પડશે અને તેનું અર્થઘટન આખરી રહેશે.**

**(૬.અ).જગ્યા/સેવાની પસંદગીનો ક્રમ:(1)** A candidate shall show his order of preference for appointment in secretariat departments or the offices other than secretariat departments as the case may be. **(2)** No change in order of preference shall be allowed once submitted to the commission. **(3)** Having regard to his rank in order of merit and the availability of vacancies of English stenographer, Grade-1 in the secretariat departments or offices other than secretariat departments, consideration shall be given to his preference when making appointment by the Government. **(4)** No request for change in allotment to a post shall be considered by the Government after the allotment once made.

**(૬.બ). ઉક્ત જાહેરાત અન્વયે કોઇ પ્રતિક્ષાયાદી રહેશે નહી. ઉમેદવાર હાજર ન થાય/નિમણૂક ન સ્વિકારે તેવા કિસ્સામાં ખાલી રહેતી જગ્યાઓ આ ભરતી પ્રસંગ પછીના ભરતી પ્રસંગથી ભરવામાં આવશે.**

**(૭) નિમણૂક:** (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટરના પાયાના જ્ઞાન અંગેની અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**(૮). Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ ૧૫/૦૭/૨૦૧૯, ૧૩:૦૦ કલાક થી તારીખ ૩૧/૦૭/૨૦૧૯ , ૧૩:૦૦ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૪) Steps અનુસરવાના રહેશે.

**(૧)** સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

**(૨)** આ સાઈટ્નાં Menu Bar પર “Online Application” વિકલ્પ પર ક્લિક કરતા “Apply” નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના “Apply” બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર “Apply” બટન પર ક્લિક કરીને ઓનલાઈન ફોર્મ ભરવાનાં પેજ પર જઈ શકશે. તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ “Personal Details (ઉમેદવારની માહિતી)” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) “Personal Details” (ઉમેદવારની માહિતી)” માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

**(૩)** Personal Details ભરાયા બાદ “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે.

**(૪)** “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” ભરાયા બાદ”Other Details (અન્ય વિગતો)” માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, વિકલાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

**(૫)** “Other Details (અન્ય વિગતો)” ભરાયા બાદ “Language Details (ભાષાની માહિતી)” માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

**(૬)** “Language Details (ભાષાની માહિતી)” ભરાયા બાદ “Upload Photograph (ફોટો અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈ નો ફોટો અપલોડ કરવાનો રહે છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) “Choose File” Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને “Open” Button ને click કરો. હવે “Choose File” Button ની નીચે “Upload “ Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

**(૭)** “Upload Photograph (ફોટો અપલોડ કરો)” ભરાયા બાદ “Upload Signature (સહી અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

**(૮)** “Upload Signature (સહી અપલોડ કરો)” ભરાયા બાદ “Education Details (શૈક્ષણિક લાયકાત)” માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં “શુન્ય” ભરવાની રહેશે.

**(૯)** “Education Details (શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)” માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં “શુન્ય” ભરવાની રહેશે.

**(૧૦)** “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Experience Details (અનુભવની માહિતી)” માં ઉમેદવારે પોતે લાયકાત મેળવ્યા બાદ નો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી. “Add Experience” પર કિલક કરીને મેળવેલ અન્ય અનુભવની વિગતો નાખી શકાય.

**(૧૧)** "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી.

**(૧૨)** તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

**(૧૩)** હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

**(૧૪).** જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં.

નોધ:- One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે. તે કરવા માત્રથી આયોગની કોઇ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાતમાં Online કરેલ અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

**(૯) બિનઅનામતપુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:**

**(૧)પોસ્ટ ઓફીસમાં:**સામાન્ય કેટેગરીનાં ઉમેદવા રેભરવાની થતી ફી સંદર્ભે"Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે.આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે.પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી +પોસ્ટલ સર્વિસ ચાર્જ તા.૩૦/૦૭/૨૦૧૯ ૧૩:૦૦ કલાક સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે.
**(૨)ઓનલાઈન ફી:**ઓનલાઈન ફી જમા કરાવવા માટે"Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં"Online Payment of Fee"ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી.ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.**(૩)** રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.
૮. (૧૫) Confirmથયેલ અરજીપત્રક તથા ફી અંગેનું ચલણ (ફી ભરવાના કિસ્સામાં) ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

૮. (૧૬) આ જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

## (૯.૧) અરજી ફી :

૯. (૧)માજી સૈનિકોએ  તથા શારીરિક અશક્ત ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

૯. (૨)મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએઅરજી ફી ભરવાની રહેતી નથી.

૯. (૩)અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. તે સિવાયના ધોરણો બિન અનામત વર્ગના લાગુ પડશે.

૯.(૪) ફીભર્યાબાદરીફંડમળવાપાત્રનથી.

૯. (૫) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

૯. (૬) આ ફી ફકત પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ,જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

## (૧૦)સામાન્ય શરતો :

૧૦.(૧) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યા અનામત રાખવામાં આવી છે તે કક્ષાના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદા છૂટછાટ મળશે.બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણત્રીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદા છૂટછાટ મળશે.

૧૦.(૨)અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં

૧૦.૨.(૧)અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે. ૧૦.૨.(૨)સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ વર્ગની વિગત અરજીપત્રકમાં અચૂક આપવી. ૧૦.૨.(૩) ઉમેદવારે અરજીપત્રકની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં. ૧૦.૨.(૪)મૂળ ગુજરાતનાસામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.૧૦.૨.(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.૧૦.૨.(૬)(અ)સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતોહોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથીનિયત થયેલગુજરાતી નમુના 'પરિશિષ્ટ-ક' મુજબનું  અથવા ઉક્ત વિભગના તા.૨૭-૦૪-૨૦૧૦ના ઠરાવથીનિયત કરાયેલ ગુજરાતી નમુના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (બ) તારીખ: ૦૧/૦૪/૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર'મહત્તમ અવધિ ઇસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ. નોંધ: ઉન્નત વર્ગમાં સમાવેશ નહી હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતી તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે. (ક) પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ. (ડ) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવાં પ્રમાણપત્રમાં કોઇ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે. (ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે.  પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઇપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને

કરવાની રહેશે. ઉમદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઇપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેના કોઇપણ માપદંડમાં ફેરફારની સ્વૈછિક જાહેરાત કરવાની જવાબદારી ઉમદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

૧૦.૨.(૨) (૧) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે પાંચ વર્ષ સુધી છૂટછાટ મળવાપાત્ર રહેશે. આર્થિક રીતે નબળા વર્ગોની મહિલા ઉમેદવારના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે ૧૦ વર્ષ સુધી છૂટ છાટ મળવાપાત્ર રહેશે.(૨) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે નહી. (૩) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫.૦૧.૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KHઅથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર(અર્થાત તેઓ EWS Categoryહેઠળ આવે છે તે મતલબનુ પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.તથા આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે.(૪)EWS Categoryહેઠળ આવે છે તે મતલબનુ પ્રમાણપત્ર ઓન લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીનું ઇસ્યુ થયેલ હોવું જોઇએ.

૧૦.(૩)બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ, વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે.

૧૦.૪) માજીસૈનિકો/અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં છુટછાટ માટેની જોગવાઇ " For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-

1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or

2) on account of physical disability attributable to military service or on invalidment"અનુસાર મળવાપાત્ર થશે.

૧૦. (૫) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ ( Passing Standard ) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

૧૦. (૬)એક વખત Onlineઅરજી કર્યા બાદ,Online Form માં દર્શાવેલ કાસ્ટ/કેટેગરીમાં "Online **Application " ની અરજીના અન્ય કોઇ કોલમમાં/વિગતોમાં, કોઇપણ જાતનો ફેરફાર પાછળથી કરવા દેવામાં આવશે નહિ. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો, તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહિ કે પ્રત્યુતર આયોગની કચેરી દ્વારા આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.**

**૧૦.(૭)જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૧૦.(૮)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.**

**ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતનીજોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.**

**નોંધ :**રહસ્ય સચિવ (અંગ્રેજી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૧) વર્ગ- ૨ની જગ્યાના ભરતી નિયમો તથા મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વયમર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-(ક)/પરિશિષ્ટ-(૪) નોનમૂનો, શારીરિક રીતે અશક્ત (Disabled) ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાનાના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસબોર્ડ અને આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૩૨૫૮૯૮૦પરથીમળીશકશે.

**રહસ્ય સચિવ (અંગ્રેજી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૧) વર્ગ- ૨ની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ**

## ૧. નાગરિકત્વ:-

ઉમેદવાર,
(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

## ૨.અરજીપત્રક:-

(૧)જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ , જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો ( આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તોઅરજી ફી ભરવાની રહેશે નહી.

(૪)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૫) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૭) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટેપુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલાઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૮)પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજોસ્કેન (Scan)કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.inપર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલીવયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાંઅનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતીવિષયક, પશુચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને |

| | | |
|---|---|---|
| | બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા(Any Such Post)માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં.<br><br>(૩)જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુપાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તેમળશે. |

**૩. જન્મ તારીખ:-**

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

**૪. વયમર્યાદા:-**

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છૂટછાટ મળવાપાત્ર છે.

**૫. શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક

દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગઅને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧)મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨)અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩)ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪)અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫)સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)**(અ)**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)**(બ)**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/04/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ(Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)**(ક)**પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

(૬)**(ડ)**ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)**(ઇ)**ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે જ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના ( અંગ્રેજીમાંAnnexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલઆર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮)સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯)ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.**

## ૭. માજી સૈનિક :–

૧)માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨)માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

(૩)સામાન્ય વહીવટવિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિઆપવામાં આવેલ છે.

## ૮. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો :-

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧)અંધત્વ અથવા

ઓછી દ્રષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય ,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે.આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૦૯. મહિલા ઉમેદવાર :-**

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**૧૦. વિધવા ઉમેદવાર :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુવિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૧૧. ના વાંધા પ્રમાણપત્ર :-**

(૧)ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારેપોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજીમોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨)કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩)રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૨. ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૩. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :–

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

## ૧૪.રૂબરૂ મુલાકાત:–

(૧)રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨)અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનુ સાધન નથી તેવા ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩)રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથાઆ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies)અને બારકોડ વાળા અરજીપત્રકની નકલપણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે.જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીંતો તેઓ રૂબરૂમુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

**૧૫. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)** :-

(૧)અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨)અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩)અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪)અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫)અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએઅરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬)માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭)ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮)જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯)ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય,અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવીMCI/DENTALCOUNCIL/ CCIM/CCHમાન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

**૧૬. નિમણૂક :**

**(૧)** ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે ગુણવત્તા ક્રમમાં વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી.

**(૨)** રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારશ્રીને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

**(૩)** નિમણૂક પામેલ ઉમેદવારે સરકારશ્રીના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

**(૪)** ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે.

**(૫)** નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

## ૧૭. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨)ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

# GUJARATPUBLIC SERVICECOMMISSION

**Advt.No. 9/2019-20**

Online Applications are invited between Date:**<u>15/07/2019(13-00Hours) to 31/07/2019(13.00Hours)</u>** for selection through competitive examination to the post of Private Secretaries, (English Stenographer,Grade-1) Class-II (in the Subordinate service of the Departments of Secretariat and such other offices as the state Government).The reservation for S.&E.B.C.,S.C.,E.W.S., S.T. &women candidates is as under. In case of non availability of Women candidates, in the respective category, the posts so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note:** **1) QualifyingExamination(ShorthandTest)EliminationRoundwillbeheldon:1 7 , November, 2019**
**2)QualifyingExamination(Short hand Test)Elimination Round will be publish in February,2020**
**3) Mains written Test will be held on 12/19, April , 2020**
**4) Result of Mains written Test will be publish on : June,2020**
**5) Interview will be held on: July,2020**

| Avt .no. | Name of the post | | Total posts | Category wise posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Posts reserved for out of total post | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | Gen. | E.W.S. | S.& E.B.C. | S.C. | S. T. | Gen. | E.W.S. | S.& E.B.C. | S.C. | S. T. | P.D. candidate | Ex-serviceman |
| -2019/20 | Private Secretaries, (English Stenographer,Grade-1) Class-II , | Departments of Secretariat | 09 | 04 | 01 | 02 | - | 02 | 01 | - | – | | – | – | - |
| | | State government offices | 09 | 03 | 01 | 03 | - | 02 | 01 | - | 01 | | – | – | - |
| | | Legislature | 02 | 02 | - | - | - | - | - | - | - | | - | - | - |
| | | | Total–20 | 09 | 02 | 05 | - | 04 | 02 | – | 01 | | – | – | - |

Note: (1) The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.(2)There is no post reserved for Physically Disabled candidates. However the candidate having disability of Locomotors between moderate 40%to75%and OL(One Leg),BL(Both Legs),CP(Cerebral Palsy)can apply for this post.

**<u>E.Q.:</u>**A candidate shall possess(i)Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or state Act in India; or any other educational institution recognized as such or declared to be deemed university under section 3 of the University Grant Commission Act,1956;or possess an equivalent qualification recognized by the Government; A candidate who has appeared or intend to appear or awaiting result of final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting

application for mains examination (ii)the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment(General)Rules-1967;and(iii)Adequate knowledge of Gujarati or Hindi or both

**Pay Scale**: for Private Secretaries (English stenographers grade-1,class-2) (Secretariat and other offices ),according to ROP 2016 Rs.44,900-Rs.1,42400(Pay Matrix level-8) .

**Age:** A candidate shall not be less than 20 years of age and not be more than 40 years of age. Age will be calculated as on the last date of receipt of application. Upper age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | S.&E.B.C., E.W.S., S.C. & S.T. Male candidates of Gujarat origin. | 05 years (Maximum up to 45 years.) |
| 2 | Women candidates of unreserved Category | 05 years (Maximum up to 45 years.) |
| 3 | Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 4 | Physically disabled candidates | maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the bais of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board. (Maximum up to 45 years.) |
| 5 | Government Servant. | No relaxation in upper age will be available to Government Servant |
| 6 | Ex-servicemen / Officers | The length of military service (At least five years of military services) + 3 years |

Date:- 15/07/2019

(H.K.THAKAR)

(Joint Secretary)

Gujarat Public Service Commission